કેદીઓ વિશે આદેશો

સુમામા બિન ઉષાલ મુસલમાનોના હાથે કેદ થયા અને તેમને રસૂલુલ્લાહ ﷺ ની પાસે લાવવામાં આવ્યા, તો આપ ﷺ એ ફરમાવ્યું કે કેદી સાથે સદ્‌વ્યવહારનો મામલો કરો અને જે કંઈ ખાવાનું તમારા પાસે છે તેને આપી દો. સહાબા કિરામે પોતાના પાસેની વસ્તુઓ સુમામા બિન ઉષાલને આપી દીધી. સવાર-સાંજ તેમને રસૂલુલ્લાહ ﷺ ની ઊંટણીનું દૂધ આપવામાં આવતું હતું. તેઓ આ સદ્‌વ્યવહારથી એટલા પ્રભાવિત થયા કે તેમણે ઈસ્લામ સ્વીકારી લીધો. ઈસ્લામ કેદીઓની સાથે સદ્‌વ્યવહારનું શિક્ષણ આપે છે. સંભવ છે કે અલ્લાહ તેમને ઈસ્લામના માર્ગદર્શનનું સૌભાગ્ય પ્રદાન કરે અથવા આ કેદીઓના બદલામાં મુસલમાન કેદીઓને છોડી દેવામાં આવે. અલ્લાહ ત્‌આલાનો ઈરશાદ છે :

﴿ فَإِذَا لَقِيتُمُ ٱلَّذِينَ كَفَرُوا۟ فَضَرْبَ ٱلرِّقَابِ حَتَّىٰٓ إِذَآ أَثْخَنتُمُوهُمْ فَشُدُّوا۟ ٱلْوَثَاقَ فَإِمَّا مَنًّۢا بَعْدُ وَإِمَّا فِدَآءً حَتَّىٰ تَضَعَ ٱلْحَرْبُ أَوْزَارَهَا ۚ ﴿٤﴾ ﴾ محمد: ٤

અનુવાદ : ‘‘પછી જ્યારે આ કાફિરોનો સામનો થાય, તો પહેલું કામ તેમની ગરદનો ઊડાવવાનું છે, ત્યાં સુધી કે જ્યારે તમે તેમને બરાબર કચડી નાખો, તો કેદીઓને મજબૂત બાંધો. તે પછી તમને અધિકાર છે ઉપકાર કરો કે ફિદયા (અર્થ-દંડ)નો મામલો કરો, ત્યાં સુધી કે લડાઈ સમાપ્ત થઈ જાય.’’ (સૂરઃ મુહમ્મદ, આ.૪)

આ આયત આપણને મુશ્‌રિકો સાથે યુદ્ધ કરવાનું પ્રોત્સાહન આપે છે, જેથી તેમની શક્તિને નેસ્ત-નાબૂદ કરી શકાય અને તે પછી તેમને કેદી બનાવી લેવાય. આ કેદીઓ અંગે કુર્આન અને હદીસના પ્રકાશમાં કેટલાક આદેશો છે, જે નીચે પ્રમાણે છે :

૧ – ઉપકાર કરીને મુક્ત કરી દેવામાં આવે : દુશ્મનને કોઈપણ પ્રકારના વળતર લીધા વગર મુક્ત કરી દેવામાં આવે, સંભવ છે કે તેઓ માર્ગદર્શન પામી લે અને ઈમાન લઈ આવે.

૨ – કતલ કરી નાખવા : આ મોટા-મોટા દુશ્મનો માટે જાઈઝ છે. આ આદેશ સામાન્ય નથી. અલ્લાહના રસૂલ ﷺ એ બદ્રના યુદ્ધમાં નઝર બિન હારિષ અને ઉકબા બિન અબી મુઈતને કતલ કર્યા હતા અને એ જ પ્રમાણે ઉહદના યુદ્ધમાં અબૂ ઉઝ્ઝા અલ-જમઈને કલત કર્યો હતો. અલ્લાહ ત્‌આલા ફરમાવે છે :

﴿ مَا كَانَ لِنَبِيٍّ أَن يَكُونَ لَهُۥٓ أَسْرَىٰ حَتَّىٰ يُثْخِنَ فِى ٱلْأَرْضِ ۚ تُرِيدُونَ عَرَضَ ٱلدُّنْيَا وَٱللَّهُ يُرِيدُ ٱلْءَاخِرَةَ ۗ وَٱللَّهُ عَزِيزٌ حَكِيمٌ ﴿٦٧﴾ ﴾ الأنفال: ٦٧

અનુવાદ : ‘‘કોઈ નબી માટે એ શોભાસ્પદ નથી કે તેના પાસે કેદી હોય, જ્યાં સુધી કે જમીનમાં દુશ્મનોને બરાબર કચડી નાખવામાં ન આવે. તમે લોકો દુનિયાના લાભો ઈચ્છો છો, જ્યારે કે અલ્લાહના સમીપ આખિરત છે અને અલ્લાહ પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી-ડહાપણવાળો છે.’’ (સૂરઃ અન્ફાલ, આ.૬૭)

www.uzairfalahi.com

૩ – ફિદયા (અર્થ-દંડ)ના બદલામાં મુક્ત કરવા : આનાથી તાત્પર્ય દુશ્મનના કેદીઓને કંઈક માલ-સામાન કે કંઈક કામના બદલામાં મુક્ત કરવા, અથવા તેમના બદલામાં મુસલમાન કેદીઓને મુક્ત કરાવવા છે. બદ્રના યુદ્ધમાં રસૂલુલ્લાહ ﷺ એ કેટલાક મુશ્રિકોને માલ-સામાનના બદલામાં મુક્ત કર્યા અને કેટલાક મુશ્રિકોને મુસ્લિમ કેદીઓની મુક્તિના બદલામાં મુક્ત કર્યા. નબી કરીમ ﷺ થી સાબિત છે કે આપ ﷺ એ બે મુશ્રિક કેદીઓના બદલામાં બે મુસ્લિમ કેદીઓને મુક્તિ અપાવડાવી, અને એ પણ સાબિત છે કે આપ ﷺ એ અમુક મુશ્રિકોને એ શરતે મુક્ત કર્યા કે તેમાંથી પ્રત્યેક વ્યક્તિ દસ મુસલમાન બાળકોને લખવા અને વાંચવાનું શીખવાડે.

૪ – ગુલામ બનાવવા : દુશ્મનના કેદીઓને ગુલામ બનાવી લેવામાં આવે, અને આ માત્ર યુદ્ધના પ્રસંગે થાય છે. તેમ છતાં પણ ઈસ્લામે તેમના સાથે સદ્‌વ્યવહાર કરવાનો આદેશ આપ્યો છે. ક્યારેક દુશ્મન સૈન્ય અમુક મુસલમાન સૈનિકોને કેદી બનાવી લે છે, એવી પરિસ્થિતિમાં મુસલમાન શાસક અને વડા પર આવશ્યક છે કે તે તેમની મુક્તિ માટે દરેક સંભવ ઉપાય કરે, જેમ કે સંધિ કરીને કે કેદીઓનું હસ્તાંતરણ કરીને વગેરે.

૫ – કેદી બાળકો, મહિલાઓ અને વૃદ્ધો અંગે આદેશ, જેમનો સંબંધ યુદ્ધથી ન હોય :

શાસકને અધિકાર છે કે આવા લોકો વિશે જે આદેશ ચાહે તે કરે. તેમનો આદેશ અન્ય કેદીઓ જેવો હશે, પુરુષોને ગુલામ બનાવી લેવામાં આવશે અને મહિલાઓ 'લોંડી' (સેવિકા) બની જશે, જેમના પણ ભાગમાં આવે, પરંતુ આ પ્રકારના કેદીઓને કતલ કરવા જાઈઝ નથી.

નિઃશંક, આ આદેશો અને કાનૂનો એક ભવ્ય સાંસ્કૃતિક ધરોહર છે, જેને ઈસ્લામે લોકોની સામે પ્રસ્તુત કર્યા છે. ઈસ્લામના આગમનથી પહેલા કાનૂન જેવું કશું હતું જ નહીં, જેનું પાલન કરવું દુનિયા માટે અનિવાર્ય હોય, બલ્કે ગુલામોની સાથે ખૂબ ખરાબ તથા અભદ્ર અને નિર્દયી વ્યવહાર કરવામાં આવતો હતો, તેમજ સામાન્ય રીતે તેમને મારી નાખવું જાઈઝ હતું. પરંતુ ઈસ્લામમાં સ્પષ્ટ આદેશો છે, જેના અનુસાર કેદીઓની મુક્તિ સંભવ છે, બલ્કે ઈસ્લામે કેદીઓ અને ગુલામોની મુક્તિ માટે વિવિધ રીતોનો ઉલ્લેખ કર્યો છે, જેમ કે 'મકાતબા' (માલિક અને ગુલામ વચ્ચે કરાર, જે અનુસાર ગુલામ નિર્ધારિત રકમ આપીને સ્વતંત્ર થઈ જાય છે.)

આમ, આપણને ખ્યાલ આવે છે કે ઈસ્લામની મહાનતા અને સર્વોચ્ચતા યુદ્ધ મેદાનમાં તેના ઉચ્ચ સિદ્ધાંતો, મૂલ્યો અને કાનૂનોથી સ્પષ્ટ થાય છે.

www.uzairfalahi.com